# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## — :: પરિપત્ર :: —

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૧૨–૧૩ માં તમામ યોજનાઓમાં ફર્નિચર, સાધનો/કન્ઝયુમેબલ આઈટમ વિગેરેની ખરીદી કરવા માટે માન. કુલપતિશ્રીની મંજુરી મેળવવામાં સુગમતા રહે તેમજ તા.૧૫/૩/૨૦૧૩ સુધીમાં મંજુરી આપવાની કાર્યવાહી પૂર્ણ કરી શકાય તે હેતુસર નીચે દર્શાવ્યા મુજબ નીચે સહી કરનારશ્રીની અધ્યક્ષતામાં એક કમીટીની નિમણુંક કરવામાં આવે છે.

| અ.નં. | અધિકારીશ્રી/કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ. એ.એન. સાબલપરા, સંશોધન નિયામકશ્રી | અધ્યક્ષ |
| ૨ | ડૉ. બી.એન. પટેલ, સહ સંશોધન નિયામક | સભ્ય |
| ૩ | શ્રી યુ.પી. ચૌધરી, હિસાબી અધિકારી–વ–હિસાબી નિયામકશ્રી | સભ્ય |
| ૪ | ડૉ. એમ.એસ. પુરોહિત, કુલસચિવશ્રી | સભ્ય |
| ૫ | શ્રી કે.બી. મિસ્ત્રી, મદદનીશ કુલસચિવ (વહીવટ) | સભ્ય |
| ૬ | શ્રી એમ.એચ. લાડ, ખેતી મદદનીશ | સભ્ય |

આ કમીટી ખરીદી માટેની દરખાસ્તની ચકાસણી કરી માન. કુલપતિશ્રીની મંજુરી માટે રજુ કરશે. જો કોઈ પુર્તતા કરવાની હશે તો સંબંધિત કચેરીના કર્મચારી સ્થળ પર પૂર્તતા કરી મંજુરી તાત્કાલીક મેળવી લેવાની રહેશે. આ માટે નીચે દર્શાવેલ સમયે અને તારીખે કમીટી સમક્ષ હાજર રહી આપની ખરીદીની મંજુરી મેળવી લેવા જણાવવામાં આવે છે તદઉપરાંત તા.૧૩/૩/૨૦૧૩ બાદ કોઈ પણ પ્રકારની ખરીદીની મંજુરી આપવામાં આવશે નહી. જેની નોંધ લેશો.

| તારીખ | સમય |
|---|---|
| ૦૬/૦૩/૨૦૧૩ | ૧૪:૦૦ થી ૧૮:૦૦ |
| ૦૭/૦૩/૨૦૧૩ | ૧૪:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૩/૦૩/૨૦૧૩ | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| **સ્થળ** : કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી, ભવન, ન.કૃ.યુ., નવસારી | |

ઉપરોક્ત નિયમ તારીખે ખરીદી સાથે સંકળાયેલ આપના વિભાગના કર્મચારીને અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

આ પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર યુનિવર્સિટીના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/સંનિ/અ–૩/ ૨૨૬૭–૨૩૨૧/૨૦૧૩
તા.૦૨/૦૩/૨૦૧૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>**નકલ રવાના :**</u> પ્રતિ, યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂં.